# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-04-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ-પરીક્ષા:

રાજ્યભરમાં આજે જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ માટેની પરીક્ષા યોજાઇ હતી. રાજ્યના 2 હજાર 553 પરીક્ષા કેન્દ્રો પર 6 લાખથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. કચ્છ જિલ્લામાં કુલ ૯૬ પરીક્ષા કેન્દ્રો પર ૧૫ હજાર ૨૨૮ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. તમામ પરીક્ષા કેન્દ્રો પર સુચારુ માહોલમાં પરીક્ષા સંપન્ન થઈ હતી.

---------------------------------------------------------------------------------------

## બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેકટરની-લેખિત પરીક્ષા:

ગુજરાત પોલીસ ભરતી માટે જાન્યુઆરી-ફેબ્રુઆરી-2025 દરમિયાન લેવામાં આવેલી શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો પૈકી, બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેકટરની 472 જગ્યાઓ માટે આવતી કાલે 13મી એપ્રિલે લેખિત પરીક્ષા યોજાશે.

અમદાવાદ, વડોદરા અને સુરત ખાતેની 340 શાળાઓમાં આ પરીક્ષા યોજાશે. કુલ 1 લાખ 02 હજાર ઉમેદવારો પરિક્ષા આપશે. સમગ્ર પરીક્ષા પારદર્શક રીતે કોઇપણ ગેરરિતી વગર યોજાય તે માટે 8 હજારથી વધુ પોલીસ કર્મીઓ તથા શિક્ષણ વિભાગના અધિકારી-કર્મચારીઓ પરીક્ષાલક્ષી કામગીરી કરશે.

---------------------------------------------------------------------------------------

## જીલ્લામાં-ઉનાળુ વાવેતર:

જીલ્લામાં અત્યાર સુધીમાં ૩૯ હજાર ૬૭૨ હેક્ટરમાં ઉનાળુ વાવેતર થયું છે. જીલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલાએ જણાવ્યું કે, છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ ઉનાળુ વાવેતર કરતા આ વખતે ચાર હજાર હેક્ટરમાં વધારે વાવેતર થયું છે.

(બાઈટ- કિરણસિંહ વાઘેલા, જીલ્લા ખેતીવાડી અધિકારી )

---------------------------------------------------------------------------------------

## કથક નૃત્યાંગના કુમુદિની લાખિયાનું-અવસાન :

જાણીતા ભારતીય કથક નૃત્યાંગના કુમુદિની લાખિયાનું આજે વહેલી સવારે 95 વર્ષની વયે અવસાન થયું. સંગીતની સાધનાની કદર રૂપે તેમને તાજેતરમાં જ પદ્મ વિભૂષણ પુરસ્કાર જાહેર કરાયો હતો. આ ઉપરાંત, તેમને વિવિધ તબક્કે પદ્મ ભૂષણ, પદ્મશ્રી તથા સંગીત નાટક અકાદમી સહિતના એવોર્ડ એનાયત થયા હતા.

તેમનો જન્મ 17 મે 1930ના રોજ થયો હતો. અમદાવાદનાં વતની કુમુદીનીબેને ઈ.સ. 1967માં અમદાવાદમાં કદમ્બ સ્કૂલ ઑફ ડાન્સ ઍન્ડ મ્યુઝિકની સ્થાપના કરી હતી, જે ભારતીય નૃત્ય અને સંગીતને સમર્પિત એક સંસ્થા છે. કથક ક્ષેત્રે નવતર પ્રયોગોનો શ્રેય તેમના ફાળે જાય છે.

---------------------------------------------------------------------------------------

## હનુમાન જયંતી:

આજે દેશભરની સાથે કચ્છ જીલ્લામાં પણ હનુમાન જયંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઇ રહી છે. જીલ્લા મથક ભુજનાં પ્રાચીન પરદાભિટ મંદિર સહિત સમગ્ર જીલ્લામાં આવેલા હનુમાનજીના વિવિધ મંદિરોમાં ઉજવણી થઇ રહી છે.

દરમ્યાન, ભુજમાં રેવન્યુ કોલોની ખાતે આવેલ માધવેશ્વર મહાદેવ મંદિર ખાતે પાટોત્સવની ઉજવણી કરાઈ રહી છે. મંદિરના પુજારી જયેશપૂરી ગોસ્વામીએ આ અંગે વધુ વિગતો આપી હતી.

(બાઈટ... પુજારી-જયેશપૂરી ગોસ્વામી)

---

## એકલ માતાના મંદિર ખાતે બે દિવસીય ભાતીગળ લોકમેળો:

પૂર્વ કચ્છની રણ કાંધી પર ભરૂડિયા ગામ નજીક આવેલ એકલ માતાના મંદિર ખાતે બે દિવસીય ભાતીગળ લોકમેળો યોજાયો હતો. જેમાં કચ્છ-કાઠીયાવાડ અને રાજસ્થાનની આગવી સંસ્કૃતિની ઝાંખી જોવા મળી હતી. પોરબંદરના મેર ભાઈઓ અને બહેનોનું લોક રાસ, પૂર્વી કલા કેન્દ્રની બહેનોનો રાજસ્થાની રાસ તથા ચોબારી કન્યાશાળાની બાળાઓએ કચ્છી લોક નૃત્ય રજૂ કર્યા હતા.

---

## હવામાન:

જીલ્લામાં છેલ્લા ૨ દિવસથી ગરમી ઘટવાની સાથે મહત્તમ પારો નીચે સરકતાં જિલ્લાવાસીઓને કાળઝાળ ગરમીમાંથી રાહત થઇ છે. હવામાન વિભાગે હજુ બે દિવસ તાપમાનનો પારો 2થી 3 ડિગ્રી નીચે સરક્યા બાદ આવતા અઠવાડિયામાં ફરી ગરમી વધવાની સાથે બુધવાર સુધીમાં  મહત્તમ તાપમાનનો પારો 40થી 45 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે.

---